બિન અનુદાનીત ખાનગી પ્રાથમિક શાળાઓની
વ્યવસ્થાપન નીતિ નકકી કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક-ખપશ/૧૦૧૧/૧૩૧/ચ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ- ૨૦/૦૯/૨૦૧૧

**વંચાણમાં લીધા :-**

(૧) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક-પીઆરઈ/૧૧૭૬/૪૨૯૨૨/ક, તા. ૨૯/૬/૭૭
(૨) શિક્ષણ વિભાગનો જાહેરનામા ક્ર-કેએચ/એસએચ/૧૬/કેએચપીએસ/૧૦૮૬/૨૧૩૪૭/૧૨૯૯/ચ, તા. ૭/૯/૯૮
(૩) શિક્ષણ વિભાગના ઠરાવ ક્ર-પરચ/૧૦૯૯/૪૫૪/ચ, તા. ૪/૫/૯૯
(૪) શિક્ષણ વિભાગના ઠરાવ ક્ર-ખપશ/૧૦૨૦૦૨/૮૮/ચ, તા. ૪/૧૦/૦૫
(૫) શિક્ષણ વિભાગના જા.ના.ક્ર-કેએસએચ/૧૯/કએચપીએસ/૧૦૨૦૦૨/૮૮/ચ, તા.૨૭/૯/૦૬
(૬) શિક્ષણ વિભાગના ઠરાવ ક્ર-પીઆરઈ/૧૧૨૦૧૧/૧૪૯/ક, તા.૧૮/૨/૧૧ ત્રણ ઠરાવો
(૭) શિક્ષણ વિભાગના ઠરાવ ક્ર-પીઆરઈ/૧૨૯૫/૨૪૨૫/ક, તા. ૨૨/૩/૧૧
(૮) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક-પીઆરઈ/૧૧૧૦/૨૨૩/ક, તા. ૨૭/૪/૧૧
(૯) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક-પીઆરઈ/૧૧૧૧/૭૧૧/ક, તા. ૨૭/૪/૧૧
(૧૦)શિક્ષણ વિભાગના સુધારા ઠ.ક્ર-પીઆરઈ/૧૨૯૫/૨૪૨૫/ક, તા. ૨/૮/૧૧
(૧૧)પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીની રીંગલ ફાઇલ નં.પ્રાશિનિ/ખ-૨/૨૦૧૧/૧૬૪૪, તા. ૧૬/૯/૨૦૧૧

**આ. મુ ખ :-**

૧/- શિક્ષણ વિભાગના ક્રમાંક-પીઆરઈ/૧૧૭૬/૪૨૯૨૨/ક તા. ૨૯/૬/૭૭ ના ઠરાવથી જાહેર થયેલ નીતિ અનુસાર રાજ્યમાં ૧૯૭૭ થી બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓની મંજુરી આપવામાં આવે છે.

૨/- મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-૧૯૪૭ની કલમ-(૪૦) હેઠળ માન્યતા આપવામાં આવતી ખાનગી પ્રાથમિક શાળાઓએ મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમો ૧૯૪૯ ના નિયમ-૧૦૬ હેઠળ આલેખાયેલ માન્યતાઓની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહે છે. અને તે શરતે જ માન્યતા આપવામાં આવે છે.

૩/- બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે દરેક શાળા ધ્વારા વિદ્યાર્થીઓને અપાતા શિક્ષણની ગુણવત્તા, શાળાના શૈક્ષણિક સ્ટાફની લાયકાત અને ગુણવત્તા; શાળાના મકાનની સુવિધા તેમજ શૈક્ષણિક અને ઇતર પ્રવૃત્તિઓ માટે અપાતી સગવડ વગેરેને લક્ષમાં લઇ શિક્ષણ વિભાગના તા. ૪/૫/૧૯૯૯ ના ઠરાવથી શાળામાં ૧૦ ટકા સુધીની ફીનો વધારો નકકી કરવા માટે શાળા સંચાલક મંડળ/આચાર્ય/વાલીઓના

પ્રતિનિધિની એક કાયમી ફી નિર્ધારણ સમિતિની રચના કરવામાં આવેલ હતી. ૧૦ ટકાથી વધુ ફીનો વધારો કરવા જે તે જિલ્લાના અધિકૃત અધિકારી (ડી.ઇ.ઓ./ડી.પી.ઓ) ની મંજુરી લેવાની રહેતી હતી.આ રીતે જે ફીની આવક થાય તેની ૮૦ ટકા રકમ સ્ટાફના પગાર તથા ૨૦ ટકા રકમ શાળાના અન્ય માન્ય ખર્ચ માટે વાપરવાના રહેશે તેમ ઠરાવેલ હતુ પરંતુ આ ઠરાવ મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમો-૧૯૪૯ના નિયમ-૧૦૬ ના પેટા નિયમ-૪(૫) સાથે સુસંગત ના હોઇ, શિક્ષણ વિભાગના તા. ૪/૧૦/૨૦૦૫ ના ઠરાવથી રદ કરવામાં આવેલ હતો.

૪/- રાજયની ખાનગી પ્રાથમિક શાળાઓને પાંચમુ પગારપંચ (આરઓપી-૯૮) લાગુ પાડતા બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાના શિક્ષકોના પગાર ખર્ચને પહોંચી વળવા માટે શાળા મંડળ ધ્વારા કરવામાં આવેલ રજુઆતોને ધ્યાને લઇ મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમ-૧૯૪૯ના નિયમ-૧૦૬ ના પેટા નિયમ-૪(૫) માં સુધારો કરી રાજય સરકાર ધ્વારા નકકી થતાં ટયુશન ફી અધ્યાપકીય સ્ટાફના પગાર ધોરણ અને અન્ય ભથ્થાઓ ગ્રાન્ટ ઇન એઇડ ખાનગી પ્રાથમિક શાળાને લાગુ પાડવામાં આવેલ હતાં. બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓએ આવા ખર્ચા માટે તેમણે જાતે જ ફી નિર્ધાર કરી શાળા સંચાલન કરવાનું રહેતું હતું.

૫/- રાજય સરકારની આ ઉદારનીતિ અને શાળા સંચાલકોને સોંપાયેલ સ્વાયતતાનો ગેરલાભ ઉઠાવી કેટલાક શાળા સંચાલકો ધ્વારા વ્યાજબી કારણો વગર દર વર્ષે ટયુશન ફી, સત્ર ફી અને પ્રવેશ ફી માં સતત વધારો કરવામાં આવે છે. શાળામાં વિદ્યાર્થીઓના પ્રવેશ સમયે શાળા વિકાસના નામે, વાલીઓ પાસેથી દાનની માંગણી કરી, દાન નહીં આપતા વાલીના બાળકોને પ્રવેશથી વંચિત રાખવો જેવી ગંભીર ફરિયાદો ઉઠવા પામેલ છે. આ બધી બાબતોને ગંભીરતાથી લઇ શાળા સંચાલન અને શિક્ષણના હિતમાં રાજય સરકારે મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમો-૧૯૪૯ના નિયમ-૧૦૬ હેઠળ નિયત થયેલ માન્યતાના નિયમો અને કેન્દ્ર સરકાર ધ્વારા પ્રસાર થયેલ આર.ટી.ઇ.-૨૦૦૯ ના કાયદાથી સુનિશ્ચિત થયેલ નીતિઓનો ચુસ્તપણે અમલ કરાવવા માટે બિન અનુદાનિત પ્રાથમિક શાળાઓ માટે નીચે મુજબ વ્યવસ્થાપન નીતિ નકકી કરવામાં આવે છે.

## આદર્શ આચાર સંહિતા :-

### (અ) ફી બાબતે

(૧) શાળા તેના પ્રથમ ધોરણ (ધો-૧ અથવા જે ધોરણથી શાળાની શરુઆત થતી હોય તે ધોરણ અથવા નર્સરી, જુની.કે.જી., સી.કે.જી. કે ધોરણ-૬ ગમે તે) માં પ્રવેશ વખતે પોતાની ફી વાલીઓને જાહેર કરવી જોઇશે કે જેથી વાલીઓ શાળામાં પ્રવેશના તબકકે જ નિર્ણય લઇ શકે કે અમુક શાળામાં પોતાના બાળકને પ્રવેશ અપાવવો કે કેમ? પ્રવેશ વખતે વાલીઓ પોતે જ નકકી કરી શકશે કે શાળાએ જાહેર કરેલ ફી શાળાની સુવિધાઓના પ્રમાણમાં પ્રમાણસર છે કે કેમ અને તે નકકી કર્યા પછી શાળાને અપ્રમાણસર ફી વધારવાની સત્તા રહેશે નહીં. તે પછી આવતા વર્ષોમાં પ્રવેશ લીધેલ બાળકો માટે શાળા વાર્ષિક ૧૦ ટકા કરતાં વધારે ફી વધારી શકશે નહી.

(૨) કોઇપણ શાળા અથવા વ્યકિત શાળામાં બાળકને પ્રવેશ આપવા સારુ ટ્રસ્ટને અથવા શાળાને દાન અથવા લોન આપવા જણાવી શકશે નહી.

(૩) શાળામાં ભણતા વિદ્યાર્થીઓ પાસેથી શાળાના વિકાસના નામે Capitation fee વસુલ કરી શકાશે નહીં.

(૪) વિદ્યાર્થીઓ પાસેથી જે કોઇપણ ફી લેશે તેની કાયદેસરની પહોંચ શાળાએ (શાળા મંડળે નહીં) વિદ્યાર્થીને આપવાની રહેશે.

(૫) શાળાઓ લીધેલ ફી સામે કરેલ ખર્ચનું ઓડીટ કરાવી હિસાબો વિદ્યાર્થી તથા વાલીઓની જાણકારી માટે શાળાના નોટીસ બોર્ડ ઉપર જાહેર હિતાર્થે પ્રસિધ્ધ કરવાના રહેશે.

**(બ) વિધાર્થીઓના પ્રવેશ તથા અન્ય બાબત:-**

(૧) શાળાએ માત્ર ધર્મ, જાતિ, જ્ઞાતિ, ભાષા અથવા તે પૈકીના કોઇ કારણસર વિદ્યાર્થીને પ્રવેશ આપવાની ના પાડવી જોઇશે નહીં.

(૨) શાળામાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટે વિધાર્થીઓ કે વાલીઓના મૌખિક ઇન્ટરવ્યુ લઇ શકાશે નહીં.

(૩) શાળાએ વિદ્યાર્થીઓના પ્રવેશ બાબતે પારદર્શક પધ્ધતિ અપનાવવાની રહેશે.

(૪) શાળામાં દાખલ કરેલ કોઇપણ બાળકોને પ્રારંભિક શિક્ષણ પુરુ થતાં સુધીમાં કોઇપણ ધોરણમાં રોકી શકાશે નહીં (Hold Back) અથવા કાઢી મુકી શકાશે નહીં.

(૫) કોઇપણ બાળકને શારિરીક શિક્ષા અથવા માનસિક કનડગત કે માનસિક ત્રાસ આપી શકાશે નહીં.

(૬) શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અન્ય શાળામાં પ્રવેશ લેવા ઇચ્છતા હોય ત્યારે તેમની ઇચ્છા વિરુધ્ધ સર્ટીફીકેટ કે અન્ય દસ્તાવેજ રોકી શકાશે નહીં.

(૭) આવી શાળાઓએ વિદ્યાર્થીઓને ચોકકસ પ્રકારના પુસ્તકો, સાહિત્ય, ગણવેશ કે બુટ પોતાની સંસ્થા પાસેથી કોઇ ચોકકસ સંસ્થા કે એજન્સી પાસેથી કે ચોકકસ માર્કા કે કંપનીનો ખરીદવા માટે આગ્રહ રાખી શકાશે નહીં. કે ફરજ પાડી શકાશે નહીં.

(૮) આવી શાળાઓએ મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમો-૧૯૪૯ ના નિયમો-૧૦૬ ના નિયમ-(૭) (૩) મુજબ મર્યાદિત પ્રવેશ આપવાનો રહેશે.

(૯) શાળાના સમય દરમ્યાન અથવા ત્યારબાદ શાળામાં કોચીંગ સેન્ટર ચલાવી શકાશે નહીં.

**(ક) શાળાના સ્ટાફ બાબતે ::-**

(૧) શાળાઓમાં શૈક્ષણિક સ્ટાફ રાજય સરકારે શિક્ષણ વિભાગના તા. ૨૭/૪/૧૧ ના ઠરાવ ક્રમાંક-પીઆરઇ/૧૧૧૦ ૨૨૩/ક પ્રમાણે નકકી કરેલ લાયકાતો ધરાવતો હોવો જોઇશે. અને હવે પછી ભરતી થનાર દરેક શિક્ષક તેઓને સંબંધિત શિક્ષક યોગ્યતા પરીક્ષા (TET) પાસ કરેલી હોવી જોઇએ.

(૨) શાળાના શૈક્ષણિક સ્ટાફના પગારની ચુકવણી બેંક એકાઉન્ટ પે ચેક મારફતે ચુકવવો જોઇશે.

(૩) મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમો-૧૯૪૯ ના નિયમો-૧૦૬ હેઠળની અનુસુચિ-છ (શિડયુલ-એફ) માં નિર્દિષ્ટ કરેલ શરતોનું પાલન કરવાનું રહેશે.

(૪) મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમ-૧૦૬ હેઠળ આલેખાયેલ અને તે અન્વયે રાજય સરકાર ધ્વારા વખતો વખત નકકી કરેલ માન્યતા નિયમો(શરતો) નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

**(ઇ) શાળાની માન્યતા બાબત ::-**

(૧) અધિકૃત અધિકારી પાસેથી માન્યતા પ્રમાણપત્ર મેળવ્યા સિવાય કોઇ મંડળ શાળા સ્થાપી શકશે નહીં કે તેની કામગીરી કરી શકશે નહીં.

(૨) શાળાની માન્યતા પાછી ખેંચવાની તારીખથી/શાળાની માન્યતા રદ થયા બાદ કોઇ શાળા કામગીરી ચાલુ રાખી શકશે નહીં.

**(ફ) શિક્ષકોની સંખ્યા અને લાયકાતો ::-**

શિક્ષકોની સંખ્યા અને લાયકાતો બાબતમાં આર.ટી.ઇ. એકટ ની જોગવાઇ બહુ જ સ્પષ્ટ છે. જેથી જે તે શાળાઓએ તેનું અચૂક પાલન કરવાનું રહેશે. હાલની શાળાઓમાં જે શિક્ષકો તાલીમી નથી તે શિક્ષકોએ જરુરી તાલીમ (પી.ટી.સી., બી.એડ.)અને શૈક્ષણિક લાયકાત મેળવી લેવાની રહેશે અને હવે પછી ભરતી થનાર દરેક શિક્ષક જે વર્ગ અને વિષય માટે લેવામાં આવે તે પ્રમાણેની સરકારશ્રીના તા. ૨૭/૪/૧૧ ના ઠરાવથી નકકી કરેલ શૈક્ષણિક અને તાલીમી લાયકાતો પહેલાં જ મેળવી લેવાની રહેશે અને સંબંધિત શિક્ષક યોગ્ય પરીક્ષા (TET) પાસ કરેલ હોવી જોઇશે. હવે પછી થનાર શિક્ષકોની ભરતી એ પ્રમાણે કરવાની રહેશે કે જેથી આર.ટી.ઇ. એકટની જોગવાઇ પ્રમાણેના શિક્ષકો (સંખ્યા અને વિષયવાર) ઉપલબ્ધ થાય.

**આદર્શ આચાર સંહિતાના ભંગ બદલ કાર્યવાહી :-**

ઉપર્યુકત આચાર સંહિતાના ભંગ માટે મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમો-૧૯૪૯ની આનુષંગિક કલમો અને આરટીઇ-૨૦૦૯ ના કાયદાની જોગવાઇ હેઠળ નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

(૧) બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓ આચાર સંહિતાનો ભંગ કરે તો તેની ફરીયાદ વિદ્યાર્થી/વાલીએ અથવા સંબંધકતાએ સંબંધિત જિલ્લાના અધિકૃત અધિકારી એટલે કે અધિકૃત નગરપાલિકા/મહાનગરપાલિકાની વિસ્તારમાં આવેલી બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળા માટે જે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને અને જિલ્લા પંચાયત (ગ્રામ્ય) વિસ્તારની બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓ માટે જે તે જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને કરવાની રહેશે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી આવી ફરિયાદની કુદરતી ન્યાયના સિધ્ધાંતને ધ્યાને લઇ ઉભય પક્ષે શાળાને/શાળા મંડળને કારણદર્શક નોટીસ આપી સુનાવણી કરી યોગ્ય તારણો કાઢી આરટીઇ-૨૦૦૯ ના નિયમોનો ભંગ થયાનું સાબિત થતાં કલમ-૧૩ હેઠળ શાળાને દંડ કરી શકશે.

(૨) શાળા સામે ગંભીર ફરિયાદ હશે અને મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમો-૧૯૪૯ ના નિયમ-૧૦૬ હેઠળ આલેખાયેલ માન્યતાના નિયમો અને અનુસુચિ-છ હેઠળ નિર્દિષ્ટ કરેલ શરતોનું ઉલ્લંઘન થયેલ હશે તો જિલ્લાના અધિકૃત અધિકારીની ભલામણો અન્વયે પ્રાથમિક શિક્ષણ નિયામક મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમો-૧૯૪૯ ના નિયમ-૧૦૯ હેઠળ શાળાની માન્યતા રદ કરી શકશે.

(૩) આર.ટી.ઇ.-૨૦૦૯ ની કલમ-૧૯ ની પેટા કલમ (૫) અન્વયે માન્યતા પાછી ખેંચી લીધા પછી કોઇ વ્યકિત /શાળા મંડળ શાળા ચાલુ રાખે તેને એક લાખ સુધીનો દંડ થઇ શકશે. આ ઉલ્લંઘન ચાલુ રહે તે દરમ્યાન દરેક દિવસ માટે શાળાને રૂા. દસ હજાર સુધીનો દંડ જિલ્લાના અધિકૃત અધિકારી કરી શકશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એસ. બી. ગરાસિયા )
નાયબ સચિવ(પ્રા.શિ.)
શિક્ષણ વિભાગ,ગુજરાત સરકાર.

પ્રતિ,
--માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર ધ્વારા)
--માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
--તમામ માન. મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
--અગ્રસચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
--સચિવશ્રી, (પ્રાથમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
--સચિવાલયના તમામ વિભાગો,ગાંધીનગર.
--પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
--કમિશ્નરશ્રી, શાળાઓ, ગુજરાત રાજય,ગાંધીનગર.
--સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગર.
--નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજય,ગાંધીનગર.
--નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર.
--નિયામકશ્રી, ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ, ગાંધીનગર.
--સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુ.રા.ગાંધીનગર.
--તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ
--તમામ કલેકટરશ્રીઓ .
--તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
--તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
--તમામ જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
--સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત
--તમામ મામલતદારશ્રીઓ તથા તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ

(પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત)

--એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ
--પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
--તમામ જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
--નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય, ગાંધીનગર.
--માહિતી નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.

--શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ
--શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ,
--કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર (ઓન લાઈન મુકવા સારુ)
--સિલેકટ ફાઈલ
--નાયબ સેકશન અધિકારીશ્રી સિલેકટ ફાઈલ.